ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછા
વિકાસ નિગમની સીધા ધીરાણ
યોજના (મહિલા સમૃદ્ધિ યોજના/માઈ
ક્રેડીટ ફાયનાન્સ યોજના) હેઠળ અપા
ધિરાણમાં સરળીકરણ અને એકસુત્ર
લાવવા અંગે....

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૨૪૩૯૦૮/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૭/૧૦/૨૦૧૬.

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૨/૦૭/૨૦૦૯નો ઠ ક્રમાંક:પરચ/૧૦૦૯/૧૧૯૬/ગ.

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૩/૦૬/૨૦૧૫નો ઠ ક્રમાંક:SCW/૧૦૫૧/૧૮૨૭૯૭/ગ.

૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૮/૦૫/૨૦૧૬નો સમાન ક્રમાંકનો ઠરા

૪ ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભ ગાંધીનગરનો તા:૧૪/૦૭/૨૦૧૬નો પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૬/૨૫૪૭-૪૮.

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:૧ પ તા:૦૨/૦૭/૨૦૦૯ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠ નિગમોની સીધી ધિરાણની યોજના હેઠળ અપાતા ધિરાણમાં સરળીકરણ અને એકસુત્રતા લા જરૂરી જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના તા:૦૩/૦૬/૨૦૧ ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના લાભાર્થીઓ તેમજ વંચાણે લીધેલ ક્રમ પરના તા:૧૮/૦૫/૨૦૧૬ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના લાભા માટેની મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ યોજનામાં ધીરાણની મ રૂ.૫૦,૦૦૦/- થતાં જામીનદારમાંથી મુક્તિ આપવામાં આવેલ છે, જેનાં બદલે ફક્ત ૫(પાંચ) ડેઈટેડ ચેક લઈ ધિરાણ આપવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે.



ગુજરાત અનુ.જાતિ અતિપછાત વિકાસ નિગમ, ગાંધીનગર.
ઈનવર્ડ નં. :........................
તારીખ :........................

ઉક્ત જોગવાઈ ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની યોજનાઓમાં પણ લાગુ કરવા માટે ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: ૩ પરના તા:૧૪/૦૭/૨૦૧૬ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે નિગમ હેઠળ ચાલતી મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રો ક્રેડીટ ફાયનાન્સ યોજનાનાં ધીરાણ માટે (ધીરાણની મર્યાદા રૂ.૫૦,૦૦૦/- સુધી) જામીનદાર રાખવામાંથી મુક્તિ આપવામાં આવે છે. ઉક્ત યોજનામાં હવેથી ફકત લાભાર્થીના નામના ૫ (પાંચ) પોસ્ટ ડેઈટેડ એકાઉન્ટ પેઈ ક્રોસ ચેક લઈ ધિરાણ કરવાની દરખાસ્તને આથી મંજૂરી આપવામાં આવે છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:૧ પરના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૦/૧૦/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગ - શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.